# એચ. આર. શાહ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, નવસારી

## તા.12 થી 18 ઓગસ્ટ–એન્ટી રેગિંગ સપ્તાહની ઉજવણી

## રેગિંગ વિરોધી સપ્તાહ અંતર્ગત ડોક્યુમેન્ટરી પ્રદર્શનનો અહેવાલ

તા.12 થી 18 ઓગસ્ટ દરમિયાન ઉજવવામાં આવી રહેલા એન્ટીરેગિંગ સપ્તાહના ભાગરૂપે તા. 12/08/2026ના રોજ વિદ્યાર્થીઓમાં રેગિંગ અંગે જાગૃતિ કેળવવાના હેતુથી રેગિંગ આધારિત ડોક્યુમેન્ટરીનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન કોલેજની એન્ટી રેગિંગ કમિટીના ઉપક્રમે કરવામાં આવ્યું હતું. ડોક્યુમેન્ટરીનું પ્રદર્શન કમિટીના સભ્ય ડૉ. હેમલતા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે ડૉ. પાયલ જૈનએ સહાયક તરીકે પોતાની સેવાઓ આપી હતી. ડોક્યુમેન્ટરી દ્વારા રેગિંગના વિવિધ સ્વરૂપો, તેના કારણે વિદ્યાર્થીઓના માનસિક અને શૈક્ષણિક જીવન પર થતી નકારાત્મક અસરો તથા રેગિંગને રોકવા માટેની જરૂરી સાવચેતીઓ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ રસપૂર્વક ડોક્યુમેન્ટરી નિહાળી રેગિંગના ગંભીર પરિણામો અંગે સમજ મેળવી હતી.

ડોક્યુમેન્ટરીના પ્રદર્શન બાદ ડૉ. હેમલતા પટેલે વિદ્યાર્થીઓને રેગિંગ વિરોધી શપથ લેવડાવ્યા હતા. વિદ્યાર્થીઓએ રેગિંગથી દૂર રહેવા, કોઈપણ પ્રકારના રેગિંગમાં સહભાગી ન થવા તેમજ રેગિંગની ઘટના બને તો તેની જાણ સંબંધિત સત્તાધિકારીઓને કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.આ સમગ્ર કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં રેગિંગ પ્રત્યે શૂન્ય સહનશીલતાની ભાવના વિકસાવવી, પરસ્પર સન્માન અને સૌહાર્દપૂર્ણ વાતાવરણનું નિર્માણ કરવું તથા સુરક્ષિત શૈક્ષણિક પર્યાવરણ જાળવવા માટે જાગૃતિ ફેલાવવી હતો.તમામ સ્ટાફ સભ્યોના સહકારથી કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો અને વિદ્યાર્થીઓમાં રેગિંગ વિરોધી જાગૃતિ લાવવામાં આ કાર્યક્રમ મહત્વપૂર્ણ સાબિત થયો હતો.






## એચ. આર.શાહ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નવસારી ખાતે એન્ટી-રેગિંગ સપ્તાહ અંતર્ગત વ્યાખ્યાન યોજાયું

એચ. આર. શાહ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નવસારી ખાતે એન્ટી-રેગિંગ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓમાં રેગિંગ અંગે જાગૃતિ લાવવા માટે આજે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મહિલા પોલીસ સ્ટેશન, નવસારીના હેડ કોન્સ્ટેબલ રમીલાબેન તથા કોન્સ્ટેબલ સપના ગડથરીયાએ ઉપસ્થિત વિદ્યાર્થીઓને રેગિંગ શું છે, તેના કારણે થતી અસરો, રેગિંગ સામેના કાયદાકીય પ્રાવધાનો તથા રેગિંગ થાય ત્યારે કઈ રીતે ફરિયાદ કરવી, તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને રેગિંગથી દૂર રહેવા તેમજ કોલેજમાં સ્વસ્થ, સુરક્ષિત અને સૌહાર્દપૂર્ણ વાતાવરણ જાળવવા માટે પ્રેરિત કર્યા હતા.

કાર્યક્રમનું આયોજન એન્ટી-રેગિંગ સમિતિના કો-ઓર્ડિનેટર ડૉ.અરિસ્તા ગામીત તથા સમિતિના સભ્ય ડૉ.હેમલતા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજ પરિવાર અને વિદ્યાર્થીમિત્રોના સહયોગથી કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.









## એન્ટી-રેગિંગ સપ્તાહ અંતર્ગત પોસ્ટર અને સ્લોગન સ્પર્ધાનું આયોજન

નવસારી: એચ. આર. શાહ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નવસારી ખાતે તા. 17 અને 18 ઓગસ્ટ દરમિયાન ઉજવાયેલા એન્ટી-રેગિંગ સપ્તાહના ભાગરૂપે વિદ્યાર્થીઓમાં રેગિંગ પ્રત્યે જાગૃતિ કેળવવા તથા રેગિંગ મુક્ત શૈક્ષણિક વાતાવરણના નિર્માણના હેતુથી એન્ટી-રેગિંગ પોસ્ટર અને સ્લોગન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોલેજના કાર્યકારી આચાર્ય ડો. જીગ્નેશ પરમાર તથા વાઇસ પ્રિન્સિપાલ ડો. ગિરીશ વાઘેલાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની સર્જનાત્મકતા અને જાગૃતિસભર વિચારો રજૂ કર્યા હતા. પોસ્ટર અને સ્લોગન દ્વારા વિદ્યાર્થીઓએ રેગિંગના દુષ્પરિણામો તથા રેગિંગમુક્ત કેમ્પસના મહત્વ અંગે અસરકારક સંદેશો આપ્યા હતા.

**એન્ટી-રેગિંગ પોસ્ટર સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓના નામ**

1) નિશાદ મનીષા એસ. વાય. બી.કોમ (પ્રથમ ક્રમ)
2) શેખ બુશરા એફ.વાય.બી.એ (દ્વિતીય ક્રમ)
3) હળપતિ મિતાલી એ. ટી.વાય.બી.એ (તૃતીય ક્રમ) પ્રાપ્ત કર્યો હતો.

**એન્ટી-રેગિંગ સ્લોગન સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓના નામ**

1) શેખ નૂરજહાં એસ.વાય.બી.એ. (પ્રથમ ક્રમ)

2) કશ્યપ પૂજા એસ.વાય.બી.એ (દ્વિતીય ક્રમ)

3) જાદવ નિધિ એફ.વાય.બી.એ. (તૃતીય ક્રમ) વિજેતા બન્યા હતા.

સમગ્ર સ્પર્ધાનું આયોજન એન્ટી-રેગિંગ કમિટીના કોર્ડિનેટર પ્રા.ડો.અરીસ્તા ગામીત તથા કમિટીના સભ્ય પ્રા.ડો.હેમલતા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. પોસ્ટર સ્પર્ધામાં પ્રા.વર્ષાબેન પટેલ તથા પ્રા.સ્મિતા મિસ્ત્રીએ નિર્ણાયક તરીકે પોતાની જવાબદારી નિભાવતા કૃતિઓનું મૂલ્યાંકન કર્યું હતું. જ્યારે સ્લોગન સ્પર્ધામાં પ્રા.ડો.નવનીત માસ્તર તથા પ્રા.જયદીપ સોનારાએ નિર્ણાયક તરીકે નિષ્પક્ષ રીતે મૂલ્યાંકન કરી વિજેતાઓની પસંદગી કરી હતી.






કોલેજ,નવસારી
એન્ટીરેગિંગ પોસ્ટર -
STOP RAGGING
SAY NO


દક્ષિણ ગુજરાત કેળવણી મંડળ સંચાલિત
હસમુખલાલ રાયચંદ શાહ
આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ